### નોખા શિક્ષકની અનોખી વાત


# શિક્ષણ સમાજને ગૌરવ અપાવનાર શિક્ષક પંકજ પ્રજાપતિ - ગુરુ શિષ્યની રસપ્રદ કહાની

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાની શ્રી સરવા વિભાગ પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી પંકજકુમાર એમ.પ્રજાપતિ છેલ્લા ચૌદ વર્ષથી ફરજ બજાવે છે તે



સારા લેખક છે અને આજ સુધી દસ પુસ્તકો પ્રકાશિત કરેલ છે.પરમ પાલનપુરી તરીકે ઓળખાતા આ સંનિષ્ઠ શિક્ષકની વાર્તાઓ વિવિધ દૈનિક અને સામાયિકમાં છપાય છે એથી વધીને આ શિક્ષકનો એક અનોખો પ્રયત્ન રંગ લાવ્યો છે. પોતાના વર્ગખંડના બાળકોને વાર્તા લખતાં કર્યા છે.આ શિક્ષકના પ્રયત્ન થકી વર્ગ સ્વર્ગ થયો છે અને બાળકો વાર્તા,હાઈકુ તેમજ કાવ્યો લખતાં થયાં છે. જેના પરિપાક રુપે તેમના એક વિદ્યાર્થીએ તો ૧૦૦(સો) જેટલી વાર્તાઓ લખી છે. એટલું જ નહિ આ વિદ્યાર્થી એ લખેલ ૨૦ વાર્તાઓના એક પુસ્તક 'મોરલાનો ટહુકો'નું તો શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસહ ચૂડાસમા સાહેબ દ્વારા વિમોચન થયું છે.આ બાળક અને શિક્ષકે રાષ્ટ?પતિ ભવન સુધીની સફર ખેડી છે. વળી નવાઈની વાત તો એ છે કે આ બાળકના માતા પિતા બંને નિરક્ષર છે અને બાળકના પિતા ઊંટગાડી ચલાવે છે!




**● બાળકના પિતા શું કહે છે**

શિક્ષક પંકજભાઈએ મારા બાળકને ખૂબ સારુ માર્ગદર્શન આપી રહ્યા છે.મારા બાળકની પ્રગતિમાં એમનો મોટો ફાળો છે.

**● શિક્ષક પંકજભાઈ શું કહે છે**

વાર્તા સાંભળવી બાળકને ખૂબ ગમે છે અને આ વિવિધ વાર્તાઓનો સહારો લઈને મેં બાળકોને વાર્તાઓ કેવી રીતે લખાય તે સમજાવ્યું છ આજે મારારી શાળાનાં આ બાકો સુંદર વાર્તાઓ લખે છે અને રજૂપણ કરે છે એટલું જ નહિ વિવિધ દૈનિકમાં છપાય છે !!

# માલપુર મામલતદાર કચેરીમાં પ્રજાજનોને પીવાના પાણી માટે હાલાકી

અરવલ્લી, તા. ૨૧

ગતિશીલ ગુજરાતના અરવલ્લી જિલ્લાની કેટલીક નવનિર્માણ અને જુની ઓફિસોમાં પાયાગત સુવિધાના અભાવે જિલ્લાવાસીઓને તકલીફ વેઠવી પડે છે. જિલ્લાના માલપુર તાલુકામાં નવનિર્માણ મામલતદાર કચેરીમાં સરકારી કામકાજ અર્થે આવનાર તાલુકાવાસીઓને અધિકારીઓની બેદરકારીના પગલે કાળઝાળ ગરમીમાં પીવાના પાણી માટે રીતસરના ફાંફા મારવા પડી રહ્યા છે. મામલતદાર કચેરીમાં હજ્જારો રૂપિયા ખર્ચીને લગાવેલ આર.ઓ. પ્લાન્ટ અને મશીનરી ધૂળ ખાઈ રહી છે ત્યારે તાલુકાના પ્રજાજનોએ જવાબદારતંત્ર દ્વારા પીવાના પાણીની સુવિધા ઉભી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.



સમગ્ર ગુજરાત રાજ્યમાં અને અરવલ્લી જિલ્લામાં આકાશમાંથી રીતસરના અગનગોળા વરસતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે. અને ગરમીથી બચવા પાણી, ઠંડા પીણા અને આઈસક્રીમનો સહારો લઈ ગરમીથી બચવા પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના માલપુરમાં આવેલી મામલતદાર કચેરીમાં સરકારી કામકાજ અર્થે આવનાર પ્રજાજનો માટે પાયાગત સુવિધાના નામે જાણે મીંડ જોવા મળતુ હોય તેમ કચેરીમાં હજ્જારો રૂપિયાના ખર્ચે પીવાના શુદ્ધ પાણી મળી રહે તે માટેનો આર.ઓ. પ્લાન્ટ અને મશીનરી લગાવેલી હોવા છતા તેની દરકાર ન લેવાતા જાણે દિવા તળે અંધારૂ હોય તેમ અધિકારીઓની બેદરકારી કે પછી પ્રજાજનોની ઉપેક્ષા કરવામાં આવતી હોય યોગ્ય મરામત ન કરાતા ધૂળ ખાઈ રહી છે. મામલતદાર કચેરીમાં સરકારી કામકાજ અર્થે આવતા પ્રજાજનોને ગરમીથી બચવા માટે ઠંડા પાણી માટે બજારમાંથી રૂપિયા આપી ખરીદવુ પડતુ હોય છે. મામલતદાર કચેરીમાં પીવાના પાણી જેવી પાયાગત સુવિધાનો અભાવ જોવા મળતા રોષ ભભૂકી ઉઠ્યો છે. ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાના એંધાણ કરી લોકો માટે કચેરીઓમાં લોકોને તકલીફ ન પડે તે માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે ત્યારે આ બધી ગ્રાન્ટો સરકારી અધિકારીઓના ખીસ્સામાં જતી હોવાનું પ્રજાજનો અનુભવી રહ્યા છે. અને રાજ્ય સરકાર દ્વારા કે પછી જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાની સરકારી કચેરીઓમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવે તે ખૂબ જ જરૂરી બન્યુ છે.

# ઈલોલ ખાતે આત્મહત્યા કરનાર પીઆઈની પત્ની ગીતાબેનના અગ્નિ સંસ્કાર કરાયા

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે શુક્રવારે ડી.જી.વણઝારાના ભાણેજ અને પીએસઆઈ ચંદ્રેશ નાયકની પત્નીના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.



આ અંગેની વિગત એવી છે કે ગુરૂવારે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં પેલેસ રોડ પર આવેલ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા પીએસઆઈ ચંદ્રેશ નાયકના શિક્ષિકા પત્ની ગીતાબેન નાયક પતિના પર સ્ત્રી સાથેના સંબંધોને લઈને સર્વિસ રિવોલ્વરથી લમણે ફાયર કરી આત્મહત્યા કરી લીધી હતી. ત્યારબાદ લાશને હિંમતનગર સિવિલમાં પોસ્ટમોર્ટમ કરી ગીતાબેન નાયકના મૃતદેહને શુક્રવારે સવારે ઈલોલ લઈ જવાયો હતો જ્યાં સવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પીએસઆઈ ચંદ્રેશ નાયકે પત્નીના દર્શન કર્યા હતા. આ સ્મશાનયાત્રામાં ડી.જી. વણજારા, કે.જી. વણઝારા, વી.જી.વણઝારા, મંજીતા વણઝારા, વિક્રમ વણઝારા સહીત સમાજના અને ગામના અગ્રણીઓ સ્મશાનયાત્રામાં જોડાયા હતા. જ્યાં મોટી દીકરી હની માં ની અંતિમવિધિ કરી અગ્નિદાહ આપ્યો હતો.

# મોડાસામાં એક જ દિવસમાં ચેઈન સ્નેચીંગના બે બનાવો નોંધાયા

### મોડાસામાં મહાકાળી મંદિર પાસેથી પસાર થતી મહિલાના ગળામાંથી તેમજ હરસિદ્ધ સોસાયટી પાસેથી પસાર થતી મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં આજે મોડાસા શહેરમાં બે જુદા જુદા સ્થળોએ મહિલાઓના ગળામાંથી સોનાના દોરા ખેંચવાના બે બનાવો સર્જાતા શહેરીજનોમાં ગભરાહટ વ્યાપી ગઈ છે. સ્થાનિક પોલીસે આ અંગે અરજી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસામાં વલ્લભસદન સામે આવેલ મહાકાળી મંદિરે દર્શન કરી ઘરે પરત જઈ રહેલ તલ્લીકાબેન રસીકભાઈ પુવારને એક બાઈક સવારે નજીક આવીને બે તમાચા મારી તેણીના ગળામાંથી બે તોલા સોનાનો દોરો ખેંચી લીધો હતો અને તેણીની ઈજા કરી બાઈક સવાર સાર્વજનિક હોસ્પિટલ તરફ નાસી છુટ્યો હતો. આ અંગે ટાઉન પોલીસ સ્ટેશને અરજી પણ આપવામાં આવી છે.

આવી જ બીજી ઘટના હરસિદ્ધ સોસાયટી પાસેથી પસાર થતી મહિલાના ગળામાંથી પણ સોનાનો દોરો ખેંચાયો હતો અને કોઈ બાઈક સવાર ફિલ્મી ઢબે ત્યાંથી નાસી છૂટ્યો હતો. શહેરમાં મહિલાઓના ગળામાંથી સોનાના દોરાઓ ખેંચવાના બનાવો વધી રહ્યા હોવા છતાં શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં સીસીટીવી કેમેરા પણ બંધ હોવાના લીધે આવી ઘટનાઓમાં ચોરોનું પગેરૂ મળી શકતુ નથી અને જનતાના જાન-માલની કોઈ સલામતી ન રહેતા પ્રજાજનોમાં ભયની લાગણી વ્યાપી ગઈ છે.





### પ્રાંતિજ બાર એસોસિએશન દ્વારા બીલની હોળી કરી આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ બાર એશોશિયશન દ્વારા ૨૬૬ ના બીલની હોળી કરી રેલી યોજી પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારીને આવેદનપત્ર આપ્યું. તાજેતરમાં લોકસભામાં લૉ કમીશન દ્વારા રજુ કરેલ બીલ નંબર- ૨૬૬ વકીલ વિરોધી હોય તેનો સખ્ત વિરોધ દર્શાવી સમગ્ર દેશભરમાં વકીલ બાર એશોશિયશન દ્વારા વિરોધ થઈ રહ્યો છે. જેને પ્રાંતિજ ખાતે પણ બાર એશોશિયશન દ્વારા કોર્ટનું કામકાજ બંધ પાડી કોર્ટ સંકુલ બહાર બીલની હોળી કરી સૂત્રોચ્ચાર કરી વિરોધ કરી રેલીયોજી તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું જયારે બાર એશોશિયશનના પ્રમુખ યોગેશભાઈ રાવલ અને રશ્મિભાઈ પટેલ, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, પ્રકાશભાઈ જોષી, એમ.બી. વાઘેલા, ખાલિદભાઈ, ઝંખનાબેન રાવલ, એશાનભાઈ વગેરે વકીલો હાજર રહીને વિરોધ દર્શાવીને આવેદનપત્ર આપ્યું હતું.



### ભિલોડા બાર એસો. દ્વારા આવેદનપત્ર અપાયું

ભિલોડા બાર એસોસીએશન ધ્વારા બીન લોકશાહી અને વકીલો વિરોધી ભલામણવાળુ પ્રપોઝ બીલ નંબર. ૨૬૬ સંદર્ભે વિરોધ પ્રદર્શન બાબતે નાયબ મામલતદાર આર.વી.વણકરને આવેદનપત્ર અપાયું હતું. ભિલોડા બાર એસોસીએશન ઉપપ્રમુખ ભરતભાઈ એમ.પારઘી, એડવોકેટની આગેવાની હેઠળ વકીલો ધ્વારા લો કમિશન ધ્વારા બીન લોકશાહી અને વકીલો વિરોધી ભલામણવાળુ પ્રપોઝ બીલ નંબર .૨૬૬ વિરૂધ્ધ વિરોધ પ્રદર્શન કરી નાયબ મામલતદાર આર.વી.વણકરને આવેદનપત્ર અપાયું હતું. બાર એસોસીએશનની મીટીંગ બોલાવી આ અંગેનો વિરોધ નોંધાવ્યો હતો. તમામ ધારાશાસ્ત્રીઓએ આ બીલને બિનલોકશાહી અને વકીલો વિરોધી ગણાવ્યું હતું. બાર એસોસીએશન વકીલો ધ્વારા કામકાજનો બહિષ્કાર કરી બહુમતીથી ઠરાવ પસાર કર્યો હતો. બિન લોકશાહી અને વકીલ વિરોધી ભલામણવાળુ પ્રપોઝ બીલ નંબર.૨૬૬ લોકસભામાં પસાર ન કરવામાં આવે તેવી બાર એસોસીએશનના વકીલોની લાગણી અને માંગણી છે. બી.એસ.કોટવાળ, ડી.એલ.ગઢવી, બી.ડી.ઝુલા, એસ.જે.અસારી, ડી.એન.પટેલ, એન.એસ.ખરાડી સહિત વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લીના ૩૩ હયાત રોડના મજબૂતીકરણ માટે ૧૯ કરોડ મંજૂર કરાયા

અરવલ્લી જિલ્લામાં મોડાસા અને ભિલોડા એમ બે તાલુકાઓમાં રસ્તાના મજબૂતીકરણ કામો માટે રૂ. ૧૯ કરોડની માતબર રકમ રાજ્યના બાંધકામ વિભાગના મંત્રીએ મંજૂર કરી તેના સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવાઈ છે. રાજ્યના નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલ, સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી તેમજ જે તે તાલુકાના સંગઠન પ્રમુખો જે તે વિધાનસભાના ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યોને પાઠવેલા પત્રમાં આપેલી મંજૂરીની વિગતો મુજબ રૂ. ૧૯ કરોડના ખર્ચે બેઉ તાલુકા પૈકી મોડાસા તાલુકામાં ૧૯ રસ્તા માટે રૂ. ૯૯૭ લાખ અને ભિલોડા તાલુકામાં ૧૪ રોડ માટે રૂ. ૯૧૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં મોડાસા તાલુકામાં ૫૨ લાખના ખર્ચે ઈસરોલ-રાજલી-દધાલિયા-છેવાડીયા એપ્રોચ રોડ માટે રૂ. ૧૪ લાખ, મેઢાસણ-સરડોઈ-બોલુન્દ્રા-જીવણપુરને જોડતા ૧૩ કિમી લાંબા રસ્તાના મજબૂતીકરણ માટે રૂ. ૪૯૦ લાખ, એક કિમી નાકેડા કામલી રોડ માટે રૂ. ૧૭ લાખ, રૂ. ૧૩ કિમીના પહાડપુર-સિતપુર-ધુનાવાડા રોડ માટે ૫૩ લાખ, ૦.૯૦ કિમીના નાની ચિચણો એપ્રોચ રોડ માટે રૂ. ૧૫ લાખ, ૧.૫૦ કિમીના લાલપુર-એપ્રોચ રોડ માટે રૂ. ૨૫ લાખ, ૨.૮૮ કિમીના લાલપુર-કંડોજીયા એપ્રોચ રોડ માટે રૂ. ૪૮ લાખ, ૫૦ કિમીના કરોલી એપ્રોચ માટે રૂ. ૨૫ લાખ, ૦.૮૪ કિમીના કેશરપુરા-જશવંતપુર માટે રૂ. ૧૫ લાખ, ૦.૩૦ કિમીના કામલી એપ્રોચ રોડ માટે રૂ. ૫ લાખ, ૦.૯૬ કિમીના ધામણીયા-ખુમાપુર રોડ માટે ૫૩ લાખ, ૧.૬૦ કિમી સબલપુર-ભચડીયા-ખુમાપુર માટે રૂ. ૨૮ લાખ, ૦.૮૩ કિમીના પોયડા એપ્રોચ રોડ માટે રૂ. ૧૪ લાખ, ૦.૫૩ કિમીના બડોદરા એપ્રોચ રોડ માટે રૂ. ૯ લાખ, ૩.૮૬ કિમીના કરેડી બડોદરા રોડ માટે ૮૪ લાખ વિગેરે કામો મંજુર કરાયા છે.

# નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા શામળાજી બસ સ્ટેન્ડ વિસ્તારના ૫૦ દબાણો દૂર કરાયા

### નોટીસ વગર દુકાનો તોડી પડાતા રોષે ભરાયેલા વેપારીઓએ બજારો બંધ કરાવ્યા

મોડાસા, તા. ૨૧

અરવ્લી જિલ્લામાં ગુરૂવારે શામળાજી આરટીઓ ચેકપોસ્ટ આસપાસના પાંચ કિમી વિસ્તારમાં દબાણો દૂર કરાયા પછી નેશનલ હાઈવે ઓથોરીટી તંત્ર દ્વારા શામળાજી હાઈવે પાસે રોડ સાઈડે આવેલ ૫૦થી વધુ દબાણો દૂર કરવામાં આવતા રોષે ભરાયેલા વેપારીઓએ બજાર બંધ કરાવ્યા અને વિરોધ વ્યક્ત કર્યો હતો.



કોઈપણ નોટિસ વગર દુકાનો તોડી પડાતા રોષે ભરાયેલા વેપારીઓમાં ભારે પ્રત્યાઘાત પડતા હતા અને શામળાજીમાં બસસ્ટેન્ડ વિસ્તારની દુકાનોના દબાણો દૂર કરવાના પગલે વેપારીઓ પરિવાર સાથે માર્ગ અને મકાન વિભાગની કચેરી આગળ ધરણા પર બેસી ગયા હતા.

હાઈવે ઓથોરીટી દ્વારા શામળાજીમાં એકાએક દબાણ દૂર કરવાના પગલે વેપારીઓને થયેલ નુકસાનનું વળતર આપવામાં આવે તેવી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ પણ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.

# મહુડી સ્થિત અતુલ પોલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને નોકરીની ઓફર

પ્રાંતિજ, તા.૨૧

સુપ્રસિધ્ધ યાત્રાધામ મહુડી ખાતે આવેલ પોલિટેકનીક ઈન્સ્ટિટ્યુટ કોલેજના વિદ્યાર્થીઓને એક સાથે વિવિધ કંપનીઓ દ્વારા નોકરી માટે પસંદગી કરવામાં આવતાં સંસ્થાના ગૌરવમાં વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકાનાં મહુડી ખાતે આવેલ અતુલ પોલિટેકનિક ઈન્સ્ટિટ્યુટ કોલેજ ખાતે સાત દિવસના કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિપ્લોમાં એન્જીનીયરીંગના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓમાં નોકરીની ઓફર કરવામાં આવી હતી. જેમાં મિકેનીકલ, ઈલેકટ્રીકલ, ઓટોમોબાઈલ શાખાનાં વિદ્યાર્થીઓને અજંતા ઈન્ડસ્ટ્રીઝ-વિસનગર, ટેકસચીન એજયુકોમ-અમદાવાદ, મધરસન સુમી સીસ્ટમ લીમીટેડ- ગાંધીધામ વગેરે જગ્યાએથી આવેલ કંપનીઓ દ્વારા નોકરી માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં એક સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની પસંદગી થતાં સંસ્થાના ટ્રસ્ટી, પ્રિન્સીપાલ અતુલભાઈ આઈ. મકવાણા તથા સ્ટાફ દ્વારા ગૌરવની લાગણી સાથે કોલેજના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



### ડે-નાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ સન્માનિત

બનાસકાંઠા જીલ્લા પોલીસ અને ડીસ્ટ્રીક ફૂટબોલ એસોસીએશન ના સહયોગથી સદભાવના ફૂટબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાતના બેસ્ટ-૮ જીલ્લાની બહેનોની ટીમોએ પાલનપુર મુકામે ઈન્ટરડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ.જેમાં અમદાવાદ જીલ્લાની ટીમ વિજેતા થયેલ. સુંદર આયોજન બદલ સેમીફીનલમાં પ્રવેશ કરનાર અમદાવાદ બરોડા પાટણ અને રાજકોટ ની ટીમના કેપ્ટન બહેનોએ આયોજક શ્રી હરેશ ચૌધરી ને સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા.

### જયપુર એ.સી.બી.ના હાથે ઝડપાયેલા

# પાંથાવાડા પોલીસ મથકના ત્રણેય કર્મીઓની જિલ્લા બહાર બદલી

### જિલ્લા પોલીસ વડાએ જિલ્લા ફેર બદલીનો હુકમ કરતા પોલીસ બેડાંમાં ખળભળાટ

સરહદી બનાસકાંઠાના જિલ્લાના પાંથાવાડા પોલીસ મથકના ત્રણ પોલીસ કર્મીઓ વિદેશી દારૂની ગાડીની તપાસમાં રાજસ્થાન ગયા હતા.જેઓ ગાડીના ઓનર પાસે લાંચ માગતા જયપુર એન્ટી કરપ્શન બ્યુરોના હાથે આબાદ ઝડપાઈ ગયા હતા. ત્યારે જીલ્લા પોલીસ વડાએ આ ત્રણેય પોલીસકર્મીઓની જીલ્લા બહાર બદલીનો હુકમ કરતા બનાસકાંઠા પોલીસ બેડાંમાં ખળભળાટ મચી ગયો છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર જીલ્લાના પાંથાવાડા પોલીસ મથકના ત્રણ પોલીસ કર્મીઓ રાજસ્થાનના જયપુર ખાતે વિદેશી દારૂના ગુનામાં ઝડપાયેલી કારની તપાસમાં ગયા હતા.જેઓએ કારના ઓનરને ખોટા કેશમાં ફસાવી દેવાની ધમકી આપી લાંચ માંગી હતી.જેમાંથી અમુક રકમ બીજા દિવસે આપવાનો વાયદો કરી કારના ઓનરે એન્ટી કરપ્શન બ્યુરોમાં ગુનો નોંધાવતા જયપુર છઝમ્એ ગત ૧૧એપ્રિલના રોજ જયપુર ખાતે લોંચ લેતા ત્રણેય પોલીસ કર્મીઓને આબાદ ઝડપી લેતા જીલ્લા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો. જેથી રાજયના પોલીસ મહાનિર્દેશક ગાંધીનગરનાઓના હુકમ આધારે જીલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે બુધવારે હેડ.કો. મફુભા ઘેમરસિંહ વાઘેલાની અમદાવાદ શહેર, પો.કો.જગદીશભાઈ પ્રલાદભાઈ જોષીની અમદાવાદ ગ્રામ્ય અને જયેશભાઈ મોહનભાઈ પટેલની ખેડા ખાતે જીલ્લા બહાર બદલીનો હુકમ કરાયો હતો.



હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં ધોરણ.૧૦, ૧૨ અને કોલેજમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સ્કાઉટ ચીફ કમીશનર અતુલભાઈ દિક્ષીત ધ્વારા દલિત વિદ્યાર્થીઓને બેડમિન્ટન સેટ વિતરણ કરાયું હતું.